**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=============================================================

અમદાવાદ ખાતે ગુજરાતની ઉચ્ચ અદાલતમાં

૨૦૧૮નો આર/વિશેષ દીવાની નંબર ૧૪૯૯૨

મંજૂરી અને સહી માટેઃ

માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વિક્રમનાથ એસડી/-

અને

માનનીય શ્રી.ન્યાયમૂર્તિ એ.જે. શાસ્ત્રી એસડી/-

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપવામાં આવી શકે? | હા |
| ૨ | પત્રકારને સોંપવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું માન. ન્યાયમૂર્તિ ચુકાદાની વાજબી નકલ જોવા માંગે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર પ્રશ્નનો સમાવેશ થાય છે? | ના |

=========================================================

શ્રી મયૂર જયંતિલાલ પરીખ

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૧ અન્ય (ઓ)

======================================================

ઉપસ્થિતિ:-

શ્રી ભાસ્કર પી. તન્ના, અરજદાર તરફે શ્રી નિખિલ એસ. કરીઅલ (૨૩૧૫) સાથે
વરિષ્ઠ વકીલ
પ્રતિવાદી નંબર ૨ તરફે લૅા ઓફ્સિર બ્રાન્ચ (૪૨૦)
પ્રતિવાદી નંબર ૨ તરફે શ્રી હેમાંગ એમ. શાહ (૫૩૯૯)
પ્રતિવાદી નંબર ૧ તરફે શ્રી ચિંતન દવે, એ. જી. પી.
=================================================================

કોરામ: માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી વિક્રમ નાથ

અને

માનનીય શ્રી ન્યાયમૂર્તિ એ.જે. શાસ્ત્રી

તારીખ: ૨૯/૦૧/૨૦૨૦

સીએવી ચુકાદો

(પ્રતિ: માનનીય શ્રી ન્યાયમૂર્તિ એ.જે. શાસ્ત્રી)

૧. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળની પ્રસ્તુત અરજી નીચે મુજબની રાહતો માંગવા માટે દાખલ કરવામાં આવી છે:-

"(a) આ નામદાર કોર્ટ આ અરજી મંજૂર કરવા કૃપા કરે;

(b) આ નામદાર કોર્ટ ૨૭.૬.૨૦૧૮ ના રોજનો આક્ષેપિત હુકમ તેમજ અરજદાર સામેની સમગ્ર શિસ્ત વિષયક કાર્યવાહી નંબર ૬/૧૨ ને રદબાતલ અને સેટ અસાઇડ કરવા કૃપા કરે;

(c) પ્રસ્તુત અરજીની સુનાવણી અને આખરી નિકાલ થાય ત્યાં સુધી, વચગાળાના હુકમ દ્વારા, આ નામદાર કોર્ટ ૨૭.૬.૨૦૧૮ ના રોજના આક્ષેપિત હુકમની અમલવારી, અમલીકરણ અને અમલ તેમજ અરજદાર સામેની સમગ્ર શિસ્ત વિષયક કાર્યવાહી નંબર ૬/૧૨ પર સ્ટે આપવા કૃપા કરે;

(d) .........."

૨. કેસની હકીકતો એ છે કે પ્રસ્તુત અરજદાર જૂનાગઢ ખાતે પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ (મુખ્ય જિલ્લા ન્યાયાધીશ) હતા અને જ્યારે તેઓએ ત્યાં ૨૦૧૧–૨૦૧૨ દરમિયાન ફરજ બજાવી હતી, ત્યારે અરજદાર પર ૫ જેટલા આરોપો મૂકવામાં આવ્યા હતા. ૨૪.૧૨.૨૦૧૨ ના રોજ, ગુજરાત નાગરિક સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ની જોગવાઈઓ હેઠળ અરજદારને આરોપનામાના સ્વરૂપમાં પરિશિષ્ટ–I (Annexure–I) સાથેનું યાદીપત્ર બજાવવામાં આવ્યું હતું. ટૂંકમાં, સદર આરોપો નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવ્યા છે:–

"જૂનાગઢ ખાતે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ તરીકે ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૧ અને ૨૫ જુલાઈ ૨૦૧૨ વચ્ચેના સમયગાળા દરમિયાન તમારી ફરજો બજાવતી વખતે, એવો અહેવાલ મળેલ છે કે:

I

તમે શ્રી એચ.વી. ઉપાધ્યાય, જનસંપર્ક અધિકારી (PRO) સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા અને તેથી, તમે જૂનાગઢના ૪ થા એડિશનલ સીનિયર સિવિલ જજની કોર્ટમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા સુશ્રી રીટા એ. નાણાવટી દ્વારા શ્રી એચ.વી. ઉપાધ્યાય સામે કરવામાં આવેલી જાતીય સતામણીની ફરિયાદને અણગણકારી હતી અને શ્રી એચ.વી. ઉપાધ્યાયને અયોગ્ય પક્ષપાત દર્શાવ્યો હતો. તમારું આ કૃત્ય, જો સાબિત થાય તો, ખાતાના વડા તરીકેની ફરજોમાં બેદરકારી, તેમજ ગુજરાત નાગરિક સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ ના નિયમ ૩(B)(૨) ના અર્થમાં ગેરવર્તણૂક સમાન છે.

II

તમને વારંવાર અહેવાલ આપવામાં આવ્યો હતો કે, શ્રી એચ.વી. ઉપાધ્યાય તમારા સાથેના તેમના સંબંધોનો દૂષિત ઈરાદાથી દુરુપયોગ અને શોષણ કરી રહ્યા હતા અને ઘણા કર્મચારીઓને ટ્રાન્સફર (બદલી) કરવાની ધમકી આપી રહ્યા હતા અને કરાવી રહ્યા હતા, પરંતુ, તમે શ્રી એચ.વી. ઉપાધ્યાય સામેની તમામ પ્રકારની ફરિયાદોને અણગણકારી હતી અને કર્મચારીઓની બદલી માટેની તેમની દરખાસ્તો હંમેશાં સ્વીકારી હતી. જો કે, એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શ્રી એચ.વી. ઉપાધ્યાય આવી બદલીઓ માટે પૈસા વસૂલતા હતા, છતાં તમે શ્રી એચ.વી. ઉપાધ્યાયના પ્રભાવ હેઠળ ૧૭ મહિનાના ટૂંકા ગાળામાં કોર્ટના ૬૧૨ કર્મચારીઓ માટે ૨૭ બદલીના હુકમો બહાર પાડ્યા હતા. આમ, તમે શ્રી એચ.વી. ઉપાધ્યાયને તમારી સાથેના તેમના સંબંધો અને ગાઢ સાહચર્યનો દુરુપયોગ અને શોષણ કરવામાં મદદગારી કરી અને પ્રોત્સાહિત કર્યા તથા ખાતાના વડા તરીકેની તમારી ફરજો બજાવવામાં નિષ્ફળ ગયા.

આ કૃત્ય જો સાબિત થાય તો તે સરકારી કર્મચારીને ન શોભે તેવું કૃત્ય છે તેમજ ગેરવર્તણૂક છે.

III

સુશ્રી હેમા શ્રીકાંત શુક્લા સામે સ્ટેટમેન્ટ ઓફ ઇમ્પ્યુટેશન (આરોપના નિવેદન) માં વિગતવાર જણાવ્યા મુજબ વિવિધ પ્રસંગોએ તમારી અદાવત હોવાથી, તમે ગ્રાહક સુરક્ષા ફોરમના મેમ્બર જજ તરીકે તેમની સેવાઓ સમાપ્ત કરાવવામાં તમારી સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

આ કૃત્ય જો સાબિત થાય તો તે સરકારી કર્મચારીને ન શોભે તેવું કૃત્ય છે તેમજ

ગેરવર્તણૂક છે.

IV

એક ન્યાયિક અધિકારી તરીકે, તમારી પાસેથી સંબંધિત હકીકતો, પ્લીડિંગ્સ (દલીલો) અને પુરાવાઓને ધ્યાનમાં લીધા પછી ચૂકાદાઓ/હુકમો/એવોર્ડ વગેરે લખવાની/લખાવવાની (ડિક્ટેટ કરવાની) અપેક્ષા હતી. જો કે, એવો અહેવાલ છે કે તમે તમારું મગજ વાપર્યા વિના તમારા સ્ટેનોગ્રાફરો દ્વારા તૈયાર કરવામાં આવ્યા મુજબના ચૂકાદાઓ/હુકમો/એવોર્ડ વગેરે પર અંધાધૂંધ સહીઓ કરી હતી. આમ, તમે એક ન્યાયિક અધિકારી તરીકેની તમારી ફરજો બજાવવામાં નિષ્ફળ ગયા છો.

તમારું ઉપરોક્ત કૃત્ય, જો સાબિત થાય તો, ગુજરાત નાગરિક સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ ના નિયમ ૩ ના અર્થમાં ગેરવર્તણૂક અને ન્યાયિક અધિકારીને અણછાજતું કૃત્ય તેમજ ફરજો પ્રત્યેની બેદરકારી સમાન ગણાશે.

V

સ્ટેટમેન્ટ ઓફ ઇમ્પ્યુટેશનમાં વિગતવાર જણાવ્યા મુજબ, તમે, ઘણા પ્રસંગોએ, અંગત હેતુઓ માટે તમારી સત્તાવાર કારનો દુરુપયોગ કર્યો હતો.

તમારું આ કૃત્ય જો સાબિત થાય તો તે ગંભીર ગેરવર્તણૂકનું કૃત્ય છે.

સ્ટેટમેન્ટ ઓફ ઇમ્પ્યુટેશન, સાક્ષીઓના નિવેદનો અને શ્રી એમ.જે. પરીખને પૂરા પાડવામાં આવેલા દસ્તાવેજો આ ચાર્જ શીટનો ભાગ ગણાશે."

૩. આ આરોપો ૧૯.૨.૨૦૧૧ થી ૨૫.૭.૨૦૧૨ સુધીના સમયગાળા માટેના હતા. અરજદારના જણાવ્યા મુજબ, આ આરોપો અનામી અને ઉપનામી ફરિયાદોના આધારે

મૂકવામાં આવ્યા છે, જેના પર અન્યથા કાર્યવાહી થઈ શકી ન હોત. જો કે, તપાસ અધિંકારી દ્વારા તપાસ ચલાવવામાઆવી હતી, જેઓ જૂનાગઢના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ હતા, જેમનો અહેવાલ ૪.૮.૨૦૧૬ ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો. આ તપાસને ખાતાકીય તપાસ નંબર ૬/૨૦૧૨ તરીકે નંબર આપવામાં આવ્યો હતો. તપાસ અહેવાલના તારણો દર્શાવે છે કે આરોપ નંબર ૧ સંપૂર્ણ રીતે સાબિત થયેલો ગણવામાં આવ્યો છે, આરોપ નંબર ૨, ૪ અને ૫ આંશિક રીતે સાબિત થયેલા ગણવામાં આવ્યા છે અને આરોપ નંબર ૩ સાબિત થયેલ નથી તેમ ગણવામાં આવ્યો છે. આ તપાસ અહેવાલ હાઈકોર્ટની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવ્યો હતો. સદર તપાસ અહેવાલ અને સામગ્રીને ધ્યાનમાં લીધા પછી, સ્ટેન્ડિંગ કમિટી તપાસ અધિકારીના આરોપ નંબર ૧, ૨ અને ૩ અંગેના તારણો સાથે પ્રથમ દર્શનીય રીતે સંમત થતાં, પ્રોપ્રાઇટરી તારણ પર આવી હતી કે આરોપ નંબર ૪ અને ૫ ના સંબંધમાં નોંધાયેલા તારણો સ્વીકારી શકાય નહીં. પરિણામે, ૯.૧૨.૨૦૧૬ ના રોજ, અરજદાર–કસૂરવારને કારણ દર્શક નોટિસ આપવામાં આવી હતી, જેમાં તેમને વિનંતી કરવામાં આવી હતી કે શા માટે તેમની સામે આખરી કાર્યવાહી ન કરવી. પેજ ૫૦ પર દર્શાવવામાં આવેલી સદર તપાસ નોટિસ તપાસ અહેવાલ સાથે બજાવવામાં આવી હતી, જેમાં અરજદારને આ પ્રકારે જણાવવામાં આવ્યું હતું :–

> "તેથી, તમને આ નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર કારણ દર્શાવવા જણાવાય છે કે શા માટે ઉપર જણાવેલ કામચલાઉ કારણોના આધારે આરોપ નંબર ૪ અને ૫ ને સંપૂર્ણ રીતે સાબિત થયેલા ના ગણવા અને વધુમાં શા માટે આ ફેરફાર સાથેના તપાસ અધિકારીના અહેવાલને સ્વીકારવામાં ના આવે અને શા માટે સેવા નિયમો હેઠળ નિર્ધારિત કરેલી કોઈપણ મોટી શિક્ષા તમારા પર

લાદવામાં ના આવે. તમે આખરી નિર્ણય લેવાય તે પહેલાં રૂબરૂ સાંભળવાની ઈચ્છા રાખો છો કે કેમ તે પણ જણાવી શકો છો.

જો તમે આપેલા સમયની અંદર કારણ દર્શાવવામાં નિષ્ફળ જશો, તો એવું માની લેવામાં આવશે કે, તમારે કંઈ કહેવું નથી અને કાયદા અનુસાર મામલામાં આગળની કાર્યવાહી કરવામાં આવશે."

૪. રેકોર્ડ દર્શાવે છે કે કારણ દર્શક નોટિસનો જવાબ અરજદાર–કસૂરવાર દ્વારા ૩૦.૩.૨૦૧૭ ના રોજ આપવામાં આવ્યો હતો. તેમણે તેમની સામે મૂકવામાં આવેલા આરોપો, ખાસ કરીને આરોપ નંબર ૪ અને ૫ વિશે વિગતવાર સ્પષ્ટતા કરી હતી. વધુમાં એવું જણાય છે કે સદર સ્પષ્ટતાના અનુસંધાને, હાઈકોર્ટના બે નામદાર ન્યાયાધીશોની બનેલી સમિતિની નિમણૂક અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. સદર સમિતિએ તેમના વકીલ દ્વારા રજૂ કરાયેલા કસૂરવાર ન્યાયિક અધિકારીને રૂબરૂ સાંભળવાની તક આપી હતી. રજૂઆતો અને સામગ્રીનું મૂલ્યાંકન કર્યા પછી, સમિતિ એક નિષ્કર્ષ પર આવી, જેનો ઓપરેટિવ ભાગ નીચે મુજબ પુનઃ રજૂ કરવામાં આવ્યો છે:–

"ઉપરોક્ત ચર્ચાનો સારાંશ એ રહેશે કે તપાસ અધિકારીએ આરોપ નંબર ૧ સાબિત થયેલો અને આરોપ નંબર ૨ આંશિક રીતે સાબિત થયેલો હોલ્ડ કરવામાં ભૂલ કરી છે. ઉપર દર્શાવેલ કારણોસર, સમિતિનો એવો અભિપ્રાય છે કે આરોપ નંબર ૧ અને ૨ સાબિત થયેલ નથી તેમ ગણવામાં આવે. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને અને ઉપર દર્શાવેલ કારણોસર, સમિતિનો એવો અભિપ્રાય છે કે તપાસ અધિકારી દ્વારા આરોપ નંબર ૪ ને આંશિક રીતે સાબિત થયેલો હોલ્ડ કરતો રજૂ કરાયેલ અહેવાલ સ્વીકારવામાં ના આવે અને આરોપ નંબર ૪ ને

સંપૂર્ણ રીતે સાબિત થયેલો ગણવામાં આવે. ઉપરોક્ત બાબતને ધ્યાનમાં રાખીને અને ઉપર દર્શાવેલ કારણોસર, આરોપ નંબર ૫ ને આંશિક રીતે સાબિત થયેલો ગણતો તપાસ અધિકારી દ્વારા નોંધાયેલ તારણ સ્વીકારવામાં આવે પરંતુ હળવો દ્રષ્ટિકોણ અપનાવવામાં આવે.

આરોપ નંબર ૪ ને સંપૂર્ણ રીતે સાબિત થયેલો હોલ્ડ કરવા પર સમિતિનો એવો અભિપ્રાય છે કે આ ગંભીર શિક્ષા માટે યોગ્ય કેસ છે. કસૂરવાર એક વરિષ્ઠ ન્યાયિક અધિકારી છે. એક ન્યાયિક અધિકારી તરીકે તેમણે સ્ટેનોગ્રાફરોને ચૂકાદાઓ અને હુકમો લખાવવાના હોય છે. ન્યાયિક અધિકારી ચૂકાદો અથવા હુકમ લખાવવા માટે જવાબદાર છે અને ચૂકાદા અને હુકમમાં કારણો હોવા જરૂરી છે. ન્યાયિક અધિકારીએ ચૂકાદો અને હુકમ લખાવતી વખતે સ્વતંત્ર રીતે પોતાનું મગજ વાપરવું અને પોતાના કારણો આપવા જરૂરી છે. સ્ટેનોગ્રાફરોને ડિક્ટેશન ન આપવું અને સ્ટેનોગ્રાફરોને ચૂકાદાઓ અને હુકમો તૈયાર કરવા અને ત્યારબાદ તેમને બતાવવા માટે સૂચના આપવી એ ન્યાયિક અધિકારી દ્વારા ફરજમાં નિષ્ફળતા કહી શકાય. તેને પોતાની ફરજ બજાવવા પ્રત્યેની લાપરવાહી કહી શકાય. રેકોર્ડ પરની સામગ્રીને ધ્યાનમાં લેતાં એવું જણાય છે કે કસૂરવાર ન્યાયિક અધિકારી દ્વારા સેંકડો ચૂકાદાઓ અને હુકમો આપવામાં આવ્યા હોવા છતાં, માત્ર ૩ થી ૪ ચૂકાદાઓના સંબંધમાં જ એ સ્થાપિત અને સાબિત થયું છે કે તેમણે ડિક્ટેશન આપ્યું હતું અને બાકીના ચૂકાદાઓ અને હુકમો સ્ટેનોગ્રાફરો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. વરિષ્ઠ ન્યાયિક અધિકારી હોવાને નાતે કસૂરવારે જાતે ચૂકાદાઓ અને હુકમો લખાવવાની ગંભીરતા જાણવી જોઈતી હતી. તેથી, સમિતિનો એવો અભિપ્રાય છે કે કસૂરવાર સામે આરોપ નંબર ૪ સંપૂર્ણ રીતે સાબિત થયેલો હોલ્ડ કરવા બદલ, બે વર્ષના સમયગાળા માટે અથવા તેમની નિવૃત્તિ સુધી, જે પણ વહેલું હોય ત્યાં સુધી, વેતન ધોરણના સમયગાળામાં બે

તબક્કાનો ઘટાડો કરવાની શિક્ષા, તથા વધુ એવી સૂચના સાથે કે આવા સમયગાળા દરમિયાન તેઓ અન્યથા બાકી હોવા છતાં પણ કોઈ વાર્ષિક ઇન્ક્રીમેન્ટ મેળવશે નહીં અને શિક્ષાનો સમયગાળો પૂરો થતાં, ઘટાડાની ભવિષ્યની અસર રહેશે, તેવી ભલામણ કરવામાં આવે છે."

૫. ઉપરોક્ત ૨૮.૧૧.૨૦૧૭ નો અહેવાલ ૧૩.૧૨.૨૦૧૭ ના રોજ યોજાયેલી બેઠકમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવ્યો હતો. એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે, તાબેદાર ન્યાયતંત્રના વહીવટના ઠરાવ નંબર ૩(viii) (૧૧.૧૧.૨૦૧૪ ના રોજ યોજાયેલી ચેમ્બર મીટિંગમાં લેવાયેલા નિર્ણય મુજબ બદલાયેલ અને છેલ્લે ૧૯.૪.૨૦૧૭ ના રોજ સુધારેલ) ને ધ્યાનમાં રાખીને શિક્ષાની ભલામણ કરતો સમિતિનો ૨૮.૧૧.૨૦૧૭ નો અહેવાલ ચેમ્બર મીટિંગમાં મૂકવો. સદર ઠરાવ પછી, ૧૯.૧.૨૦૧૮ ના રોજ ચેમ્બર મીટિંગ સમક્ષ અહેવાલ મૂકવામાં આવ્યો હતો અને અહેવાલમાં ભલામણ કર્યા મુજબ શિક્ષા લાદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણયના અનુસંધાને, ૬.૨.૨૦૧૮ ના રોજ, ગુજરાત હાઇકોર્ટના રજિસ્ટ્રાર જનરલે અરજદાર પર શિક્ષા લાદવા માટેની ભલામણ મોકલી હતી. ૨૭.૬.૨૦૧૮ ના રોજ, અરજી સંકલનના પેજ ૧૮૦ પર, કાયદા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન દ્વારા, હાઇકોર્ટની ભલામણ સ્વીકારવા અને તે મુજબ શિક્ષા લાદવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. વધુ સુધારા તરીકે, ૫.૭.૨૦૧૮ ના રોજ, ૫ મી લીટી સુધારવામાં આવી હતી, જે પેજ ૧૮૧ પર પ્રતિબિંબિત થાય છે. આ જ નિર્ણય છે જેણે અરજદારને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૬ હેઠળ ઉપર દર્શાવેલ રિટ અરજી દ્વારા પડકારવા માટે પ્રેરિત કર્યા છે.

૬. અમે અરજદાર વતી વિદ્વાન એડવોકેટ શ્રી નિખિલ એસ. કારિયાલ દ્વારા સહાયિત

વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી ભાસ્કર તન્ના અને હાઈકોર્ટ– સામાવાળા નંબર ૨ વતી ઉપસ્થિત વિદ્વાન એડવોકેટ શ્રી હેમાંગ એમ. શાહને સાંભળ્યા છે અને રેકોર્ડ પરની રજૂઆતો અને સામગ્રીનું અવલોકન કર્યું છે.

૭. અરજદાર વતી વિદ્વાન એડવોકેટ શ્રી નિખિલ એસ. કારિયાલ દ્વારા સહાયિત વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી ભાસ્કર તન્નાએ નીચે મુજબના મુદ્દાઓ/દલીલો ઉપસ્થિત કર્યા છે:–

(B) અરજદાર આદરપૂર્વક રજૂઆત કરે છે કે અનામી/ઉપનામી ફરિયાદોના આધારે ખાતાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી તે માત્ર અને માત્ર તે જ કારણોસર સમગ્ર તપાસ કાર્યવાહી રદ કરવા પાત્ર હતી. રજૂઆત કરવામાં આવે છે કે નામદાર સુપ્રીમ કોર્ટે વારંવાર સ્પષ્ટ કર્યું છે કે તાબેદાર ન્યાયતંત્રના ન્યાયિક અધિકારીઓ સંબંધિત અનામી/ઉપનામી ફરિયાદોને કોઈ મહત્વ આપવું જોઈએ નહીં, છતાં નામદાર સુપ્રીમ કોર્ટના તે તમામ આદેશો/ચુકાદાઓને અણગણવામાં આવ્યા હતા. રજૂઆત કરવામાં આવે છે કે શિક્ષાના હુકમને અમલમાં રહેવા દેવો, જે શિક્ષા અનામી/ઉપનામી ફરિયાદો પર આધારિત છે, તે એક ખતરનાક દાખલો બેસાડશે જેના વિનાશક પરિણામો આવશે. એ પણ નોંધવું જરૂરી છે કે આવી શિક્ષા સમગ્ર તાબેદાર ન્યાયતંત્રના મનોબળને અસર કરશે કારણ કે અરજદાર કે જેઓ પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ (મુખ્ય જિલ્લા ન્યાયાધીશ) ની કેડરમાં છે, એટલે કે તાબેદાર ન્યાયતંત્રમાં સૌથી વરિષ્ઠ પદ પર છે, તેમને જો અનામી ફરિયાદો દ્વારા નિશાન બનાવી શકાતા હોય, તો તાબેદાર ન્યાયતંત્રના કોઈ પણ ન્યાયાધીશ સુરક્ષિત અનુભવશે નહીં. આમ, પ્રસ્તુત

અરજદારની આદરપૂર્વકની રજૂઆતમાં માત્ર એ જ આધારે કે શિસ્ત વિષયક કાર્યવાહી અનામી/ઉપનામી ફરિયાદોમાંથી ઉદ્‌ભવેલી છે, તે રદબાતલ અને સેટ અસાઇડ થવા પાત્ર છે.

(C) અરજદાર રજૂઆત કરે છે કે અરજદારની શ્રેષ્ઠ જાણકારી મુજબ, અનામી/ઉપનામી ફરિયાદોના સંબંધમાં વહીવટી ધોરણે હાઇકોર્ટ દ્વારા અનુસરવામાં આવતી નીતિનું પણ પાલન કરવામાં આવ્યું ન હતું. આ સંદર્ભમાં રજૂઆત કરવામાં આવે છે કે વહીવટી ધોરણે હાઇકોર્ટની નીતિ એ છે કે તાબેદાર ન્યાયતંત્રના સભ્યો સામે આક્ષેપ કરતી ફરિયાદ ધ્યાને લેવી જોઈએ નહીં અને તેમાં જણાવેલ આક્ષેપને સમર્થન આપતું યોગ્ય રીતે સોગંદનામું (Affidavit) અને/અથવા ચકાસણી યોગ્ય સામગ્રી જોડાયેલી ન હોય ત્યાં સુધી તેના પર કોઈ કાર્યવાહી કરવી જોઈએ નહીં. રજૂઆત કરવામાં આવે છે કે એક પણ ફરિયાદને યોગ્ય રીતે સોગંદનામા દ્વારા સમર્થન આપવામાં આવ્યું ન હતું અને પ્રથમ દર્શનીય રીતે અસ્પષ્ટ આક્ષેપો સિવાય કોઈ ચકાસણી યોગ્ય સામગ્રી હોય તેમ જણાતું ન હતું છતાં ફરિયાદો ધ્યાને લેવામાં આવી હતી. વધુમાં એ ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે ફરિયાદો ધ્યાને લેતી વખતે આ નામદાર કોર્ટના પરિપત્ર નંબર A.2604/18 દ્વારા દર્શાવ્યા મુજબ જો અનામી/ઉપનામી ફરિયાદોના સ્ત્રોતની શોધ કરવા માટે તપાસ યોજવાની કાર્યવાહી કરવામાં આવી હોત, તો અરજદારે વર્તમાન બદનામીનો સામનો કરવો પડ્યો ન હોત. રજૂઆત કરવામાં આવે છે કે ફરિયાદોનું અવલોકન સ્પષ્ટપણે દર્શાવે છે કે ફરિયાદો ખુદ કોર્ટમાં કામ કરતા અસંતુષ્ટ તત્વો તરફથી ઉદ્‌ભવી હતી, ખાસ કરીને કારણ કે ફરિયાદોમાં દર્શાવેલા મુદ્દાઓ સામાન્ય રીતે સ્ટાફ સિવાયની વ્યક્તિ દ્વારા જાણી શકાય તેમ ન હતા.

અહીં એ ઉલ્લેખ કરવો યોગ્ય રહેશે કે જો તે તપાસ થઈ હોત તો એ પણ બહાર આવ્યું હોત કે મોટાભાગની ફરિયાદો શ્રી નિલેશ એ. નાણાવટી તરફથી ઉદ્ભવી હોઈ શકે છે, જેમને પ્રસ્તુત અરજદાર સામે અંગત સ્વાર્થ/અદાવત હતી કારણ કે તેમની બહેન સુશ્રી રીટા નાણાવટી હતા, જેઓ કથિત રીતે અન્ય કર્મચારી દ્વારા જાતીય સતામણીની ફરિયાદ નોંધાવવા અરજદાર પાસે ગયા હતા. અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે જ્યારે તેમણે ક્યારેય નકાર્યું નથી કે સુશ્રી રીટા નાણાવટી સદર તારીખે મળવા આવ્યા હતા, પરંતુ અરજદારના જણાવ્યા મુજબ તેનું કારણ તદ્દન અલગ હતું, કારણ કે તે ઈચ્છતી હતી કે અરજદાર અન્ય કર્મચારી સાથે મધ્યસ્થતા કરે કે જેની સાથે સુશ્રી રીટા નાણાવટી લગ્ન કરવાની હતી પરંતુ બાદમાં જન્માક્ષર ન મળવાના કારણે તેણે ઇનકાર કર્યો હતો. તે સંબંધિત સમયે અરજદારે સુશ્રી નાણાવટીને સલાહ આપી હતી કે તેઓ એટલે કે અરજદાર વ્યક્તિગત/અંતરંગ મુદ્દાઓમાં મધ્યસ્થતા કરશે નહીં અને જો તેણીને કોઈની સામે કોઈ ફરિયાદ હોય તો તે લેખિત ફરિયાદ નોંધાવે જેથી અરજદાર તેના પર યોગ્ય નિર્ણય લઈ શકે. રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર દ્વારા લેવામાં આવેલું આ વલણ શ્રી નિલેશ એ. નાણાવટીને ગમ્યું ન હતું, જેઓ તે સંબંધિત સમયે અરજદારના પ્રાઈવેટ સેક્રેટરી (ખાનગી સચિવ) હતા અને વિવિધ ગોપનીય બાબતો જાણતા હોવાથી પોતાના પદનો દુરુપયોગ કરીને આવી ઉપનામી/અનામી અરજી કરવામાં આવી છે. આ દલીલને વધુ પુષ્ટિ આપવા માટે, રજૂઆત કરવામાં આવે છે કે શ્રી ડી.એલ. કણસાગરા, જેમણે એડવોકેટ હોવાનો દાવો કર્યો હતો, જે ફરિયાદ એક ઉપનામી ફરિયાદ છે, તેમાં ફરિયાદી જણાવે છે કે અરજદાર તેમના સ્ટેનોગ્રાફરને ડિક્ટેશન આપતા નથી અને સત્ય જાણવા માટે સ્ટેનો–ડાયરીનું અવલોકન કરી શકાય છે. રજૂઆત કરવામાં આવે છે કે સ્ટેનો–ડાયરી જાળવવાની બાબત વધુ કે ઓછી ખૂબ જ ઓછા લોકોને

ખબર હોય અને અરજદારે સ્ટેનો–ડાયરીમાં સહી ન કરી હોવાની હકીકત માત્ર તે જ વ્યક્તિને ખબર હોય જે તેને જાળવે છે એટલે કે સંબંધિત સ્ટેનોગ્રાફર શ્રી નિલેશ એ. નાણાવટી. ફરીથી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારે જાતીય સતામણીની ફરિયાદો પર કોઈ કાર્યવાહી ના કરી હોવાની ગંભીર ફરિયાદોના સંબંધમાં, તપાસના કાગળો પરથી એ વાતનો ખુલાસો થાય છે કે સુશ્રી રીટા નાણાવટી તે ચોક્કસ દિવસે અરજદારને મળ્યા હતા તે હકીકત માત્ર ત્રણ વ્યક્તિઓ એટલે કે અરજદાર, સુશ્રી રીટા નાણાવટી અને તેમના ભાઈ શ્રી નિલેશ એ. નાણાવટીને જ ખબર હતી. આવી પરિસ્થિતિઓમાં, તપાસના તબક્કે જે પ્રશ્ન પૂછવો જોઈતો હતો તે એ હતો કે આ ઉપનામી અરજી કોણે મોકલી હશે અને સૌથી કુદરતી નિષ્કર્ષ એ જ હોત કે તે ખુદ શ્રી નિલેશ એ. નાણાવટી દ્વારા મોકલવામાં આવી હતી. રજૂઆત કરવામાં આવે છે કે જો તે સંબંધિત સમયે પરિપત્ર નંબર A.2604/18 માં કલ્પના કર્યા મુજબની તપાસ કરવામાં આવી હોત, જે તપાસ ઈશ્વરચંદ જૈન (સુપ્રા) ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના આદેશો સાથે સંપૂર્ણ રીતે સુસંગત હોત, તો તાબેદાર ન્યાયતંત્રના વરિષ્ઠ અધિકારી એવા અરજદારે આવા અપમાનજનક અનુભવનો સામનો કરવો પડ્યો ન હોત.

(D) અરજદાર આદરપૂર્વક રજૂઆત કરે છે કે શિક્ષાનો આક્ષેપિત હુકમ આ નામદાર કોર્ટ દ્વારા એ આધારે પણ રદબાતલ થવા પાત્ર છે કે સમગ્ર શિસ્ત વિષયક કાર્યવાહી એક પ્રાથમિક તપાસ પર આધારિત છે જ્યાં તમામ સામાન્ય પ્રક્રિયાઓને બાજુ પર મૂકી દેવામાં આવી હતી અને અપનાવવામાં આવેલી પ્રક્રિયામાં ઘણી ક્ષતિઓ હતી. આ તબક્કે રજૂઆત કરવામાં આવે છે કે રજિસ્ટ્રાર (વિજિલન્સ), ગુજરાત હાઇકોર્ટ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં

અનામી/ઉપનામી ફરિયાદોમાં નામો દર્શાવેલ વ્યક્તિઓના નિવેદનો એક ખાનગી એડવોકેટની ઓફિસમાં નોંધવામાં આવ્યા હતા, જેઓ શંકાસ્પદ રેકોર્ડ ધરાવતા હતા અને જેઓ પ્રસ્તુત અરજદાર સામે કાલ્પનિક અદાવત ધરાવતા હતા. રજૂઆત કરવામાં આવે છે કે નિવેદનો એક સુશ્રી હેમા શુક્લા, એડવોકેટના પરિસરમાં નોંધવામાં આવ્યા હતા, જેઓ કેટલાક સમયગાળા માટે ગ્રાહક વિવાદ નિવારણ ફોરમ, જૂનાગઢ સાથે મેમ્બર જજ તરીકે કામ કરતા હતા અને જેમની સેવાઓ રાજ્ય સરકાર દ્વારા સદર એડવોકેટ ગ્રાહક વિવાદ નિવારણ ફોરમના સભ્ય તરીકે રોજગારી મેળવતી વખતે એક સાથે ખાનગી પ્રેક્ટિસ ચાલુ રાખવા બદલ સમાપ્ત કરવામાં આવી હતી. ગમે તે હોય, સદર એડવોકેટનો કોઈ પણ અનામી પત્રોમાં પરોક્ષ રીતે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો, છતાં, કમનસીબે તેમની ઓફિસનો ઉપયોગ નિવેદન નોંધવાના હેતુ માટે કરવામાં આવ્યો હતો અને તે પ્રક્રિયામાં તેમનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું જ્યાં તેમણે અરજદાર સામે તેમની કાલ્પનિક ફરિયાદ વ્યક્ત કરી હતી જેના પરિણામે અરજદારને આરોપ નંબર ૩ ઇશ્યુ કરવામાં આવ્યો હતો, જેને તપાસ અધિકારી દ્વારા સાબિત થયેલ નથી તેમ ગણવામાં આવ્યો હતો અને સદર નિષ્કર્ષ ૨ જી કારણ દર્શક નોટિસ ઇશ્યુ કર્યા પહેલા પણ નામદાર હાઇકોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. રજૂઆત કરવામાં આવે છે કે આ તમામ મુદ્દાઓ દર્શાવે છે કે સંબંધિત સમયે પ્રાથમિક તપાસ યોગ્ય ગંભીરતા સાથે ચલાવવામાં આવી ન હતી અને તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું ન હતું, જે કારણસર આ નામદાર કોર્ટ શિસ્ત વિષયક કાર્યવાહી તેમજ શિક્ષાને રદબાતલ કરવા કૃપા કરે.

(E) અરજદાર રજૂઆત કરે છે કે આરોપ નંબર ૪ ના સંબંધમાં કે જે સાબિત

થયેલો એકમાત્ર આરોપ છે, સમિતિએ શ્રી નિલેશ એ. નાણાવટીના નિવેદનને કોઈ મહત્વ આપવું જોઈતું ન હતું, ખાસ કરીને કારણ કે શિસ્ત સમિતિએ આરોપ નંબર ૧, જે તપાસ અધિકારી દ્વારા સાબિત થયેલો હતો તેને સાબિત થયેલ નથી તેમ ગણ્યો હતો. રજૂઆત કરવામાં આવે છે કે આરોપ નંબર ૧ એ અન્ય કર્મચારી સામે મહિલા કર્મચારી દ્વારા જાતીય સતામણીની કથિત ફરિયાદના સંબંધમાં અરજદારની કથિત બેદરકારીને લગતો છે. અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે આરોપ એવો હતો કે કર્મચારી રીટા નાણાવટીને તેના પ્રમોશન પર અન્ય કર્મચારી શ્રી એચ.વી. ઉપાધ્યાય દ્વારા પાર્ટી માટે પૂછવામાં આવ્યું હતું અને પાર્ટીના બહાને તેમણે તેમની સાથે વન નાઇટ સ્ટેન્ડની માંગણી કરી હતી. પ્રસ્તુત અરજદાર સામેના આક્ષેપો એવા હતા કે સુશ્રી રીટા નાણાવટી અરજદારને તેમની ચેમ્બરમાં મળ્યા હતા અને આવી જાતીય સતામણી અંગે ફરિયાદ કરી હતી અને જ્યારે અરજદારે તે અંગે કોઈ કાર્યવાહી કરી ન હોવાનો આક્ષેપ છે. રજૂઆત કરવામાં આવે છે કે પ્રથમ દિવસથી જ અરજદારે સુશ્રી રીટા નાણાવટી ૧૨.૭.૨૦૧૨ ના રોજ તેમને મળ્યા હોવાનો ઇનકાર કર્યો ન હતો પરંતુ અરજદારના જણાવ્યા મુજબ તે અરજદાર પાસે તેમની મધ્યસ્થતા માંગવા આવી હતી કારણ કે સદર અન્ય કર્મચારી શ્રી એચ.વી. ઉપાધ્યાય કે જેની સાથે તેને અફેર હતું તેણે જન્માક્ષર ન મળવાના કારણે તેની સાથે લગ્ન કરવાનો ઇનકાર કર્યો હતો. અરજદારનો એવો દાવો રહ્યો છે કે તેમણે સદર સુશ્રી રીટા નાણાવટીને જાણ કરી હતી કે આ મુદ્દો સંપૂર્ણપણે વ્યક્તિગત/અંતરંગ મુદ્દો હોવાથી તેઓ મધ્યસ્થતા કરશે નહીં અને જ્યારે જો તેણીને અન્ય કોઈ ફરિયાદ હોય તો તેણે તે લેખિતમાં સબમિટ કરવી જોઈએ જેના પર અરજદાર યોગ્ય કાર્યવાહી કરશે. રજૂઆત કરવામાં આવે છે કે અરજદારની મધ્યસ્થતા ન કરવાની બાબત શ્રી નિલેશ એ. નાણાવટી, સુશ્રી રીટા નાણાવટીના ભાઈ, જેઓ મુખ્ય જિલ્લા

ન્યાયાધીશના ખાનગી સચિવ પણ હતા, તેમને ગમી ન હતી. અરજદારે દલીલ કરી હતી કે અરજદાર સામેની અનામી ફરિયાદો શ્રી નિલેશ એ. નાણાવટીના કહેવાથી ઉદ્ભવી છે જેમને અરજદાર સામે અદાવત હતી કારણ કે તેમને લાગતું હતું કે અરજદારે તેમની બહેન અને શ્રી એચ.વી. ઉપાધ્યાય વચ્ચેના વિવાદમાં મધ્યસ્થતા કરી ન હતી. રજૂઆત કરવામાં આવે છે કે આરોપ નંબર ૪ ને સાબિત થયેલો ગણવા માટેના મુખ્ય સાક્ષી શ્રી નિલેશ એ. નાણાવટી હતા. વળી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારે સ્ટેનો ડાયરીમાં સહી ન કરી હોવાની હકીકત માત્ર શ્રી નિલેશ એ. નાણાવટીને જ ખબર હોત અને પ્રાથમિક તપાસના તબક્કે ડાયરી દર્શાવવામાં આવી હોવાથી એ સ્પષ્ટ થાય છે કે અનામી/ઉપનામી ફરિયાદો તે બાબત જાણતા હોય તેવા કોઈ વ્યક્તિ તરફથી જ ઉદ્ભવી હશે અને તેથી પણ શ્રી નાણાવટીના નિવેદનને કોઈ મહત્વ આપવું જોઈતું ન હતું. પ્રસ્તુત અરજદારની આદરપૂર્વકની રજૂઆતમાં, શ્રી નિલેશ નાણાવટીના પુરાવાને સમિતિ દ્વારા સ્વીકારવામાં આવવા જોઈતા ન હતા કારણ કે તેઓ સમગ્ર મુદ્દામાં સીધું હિત ધરાવતા હતા. તપાસ અધિકારી તેમજ સમિતિએ આ બાબત ધ્યાને ન લેતાં, અરજદારને ગંભીર અન્યાય/પૂર્વગ્રહ (gross prejudice) થયો છે અને તેથી, આ નામદાર કોર્ટનો હસ્તક્ષેપ આદરપૂર્વક જરૂરી બને છે.

(F) અરજદાર આદરપૂર્વક રજૂઆત કરે છે કે અન્યથા પણ, તપાસ અધિકારીએ આરોપ નંબર ૪ ને આંશિક રીતે સાબિત થયેલો ગણતી વખતે ગંભીર ભૂલ કરી હતી કારણ કે તેમણે મુખ્યત્વે શ્રી નિલેશ એ. નાણાવટીના નિવેદન પર આધાર રાખ્યો હતો. સદર આરોપના સંબંધમાં એક શ્રી એસ.એસ. ભટ્ટ, સ્ટેનોગ્રાફરનું બીજું નિવેદન છે, જેમાંથી પ્રસ્તુત અરજદારની આદરપૂર્વકની રજૂઆતમાં, કોઈ

ગંભીર સમર્થન મેળવી શકાય તેમ ન હતું. શ્રી નિલેશ નાણાવટી અને શ્રી ભટ્ટના નિવેદન સિવાય, તપાસ અધિકારીએ નામદાર હાઈકોર્ટની સૂચના મુજબ સ્ટેનોગ્રાફરો દ્વારા જાળવવામાં આવતા સ્ટેનોગ્રાફર રજિસ્ટરની કોલમ–૫ ખાલી રહેવાના આધારે આરોપ સાબિત થયેલો ગણ્યો હતો. એવું જણાવવામાં આવે છે કે કોલમ–૫ ડિક્ટેશનની તારીખને લગતી છે અને માર્ચ, ૨૦૧૧ પછી શ્રી નિલેશ નાણાવટી દ્વારા રજૂ કરવામાં આવેલા રજિસ્ટરમાં સ્ટેનોગ્રાફર રજિસ્ટરમાં કોલમ–૫ ખાલી છે જ્યારે સ્ટેનોગ્રાફર ડાયરીમાં દર મહિને અરજદારની સહી છે જે દર્શાવે છે કે તે તેમના દ્વારા ચકાસવામાં આવી હતી. રજૂઆત કરવામાં આવે છે કે માત્ર વિપરીત અનુમાન (adverse inference) ના આધારે સદર આરોપ સાબિત કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે જ્યારે બીજી તરફ અરજદારે શિસ્ત સમિતિ સમક્ષ પણ રજૂઆત કરી હતી કે માત્ર વિપરીત અનુમાનના આધારે આવો આરોપ સાબિત થયેલો ગણવો જોઈતો ન હતો. રજૂઆત કરવામાં આવે છે કે તપાસ અધિકારીએ શ્રી નિલેશ નાણાવટીની જુબાની ધ્યાનમાં લેવી જોઈતી ન હતી કારણ કે તેઓ રસ ધરાવતા/હિત ધરાવતા સાક્ષી (interested witness) હતા અને જ્યારે માત્ર વિપરીત અનુમાનના આધારે પણ એવું નિષ્કર્ષ કાઢવું જોઈતું ન હતું કે અરજદાર દ્વારા વાસ્તવિક ડિક્ટેશન આપવામાં આવ્યું ન હતું.

(G) વાસ્તવમાં, શિસ્ત સમિતિએ પણ શ્રી નિલેશ એ. નાણાવટીની જુબાની/મૌખિક પુરાવા પર આધાર રાખીને અને સ્ટેનોગ્રાફરની ડાયરીના આધારે વિપરીત અનુમાન દોરીને આ જ ભૂલ કરી હતી. અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે સમિતિ સમક્ષ અરજદારની દલીલ એ હતી કે અરજદારે ખરેખર ડિક્ટેશન આપ્યું હતું કે નહીં તે શોધવાનો એકમાત્ર રસ્તો એ હતો કે અરજદાર

દ્વારા ખરેખર ડિક્ટેટ કરવામાં આવેલા ચૂકાદાઓની સરખામણી સ્ટેનોગ્રાફર દ્વારા કથિત રીતે ટાઇપ કરવામાં આવેલા ચૂકાદા સાથે કરવામાં આવે. રજૂઆત કરવામાં આવે છે કે સરખામણી કરવાથી વરિષ્ઠ પદ પર બેઠેલા તાલીમબદ્ધ ન્યાયિક મગજના ડિક્ટેશન અને સ્ટેનોગ્રાફર દ્વારા કરવામાં આવેલા ડિક્ટેશન વચ્ચેનો તફાવત સ્પષ્ટપણે બહાર આવ્યો હોત. રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર દ્વારા ડિક્ટેટ કરવામાં આવ્યા હતા અને સ્ટેનોગ્રાફર દ્વારા ટાઇપ કરવામાં આવ્યા હતા કે કેમ તે સમજવાનો પ્રયાસ કરવા માટે ૩૦૦–૪૦૦ ચૂકાદાઓમાંથી પસાર થવું ખૂબ મુશ્કેલ અને બોજારૂપ હોત, છતાં આ હોવા છતાં, ન્યાયના હિતમાં, એક ટેસ્ટ કેસ તરીકે અરજદાર દ્વારા ડિક્ટેટ કરાયેલા ચૂકાદાની સરખામણી રેન્ડમ ધોરણે સ્ટેનોગ્રાફરો દ્વારા પોતે ટાઇપ કરાયેલા કથિત ચૂકાદા સાથે કરવી જોઈતી હતી જેણે ચિત્ર સ્પષ્ટપણે સાબિત કરી દીધું હોત કે સદર શ્રી નિલેશ એ. નાણાવટી અને શ્રી ભટ્ટ સાચા હતા કે નહીં. વધુમાં, રજૂઆત કરવામાં આવે છે કે સ્ટેનોગ્રાફરો દ્વારા ટાઇપ કરાયા હોવાનો આક્ષેપ કરાયેલા ચૂકાદાઓમાંથી એક પણ ચૂકાદાને આ નામદાર કોર્ટ સમક્ષ ન્યાયિક ધોરણે ક્યારેય પડકારવામાં આવ્યો ન હતો, જે ચોક્કસપણે બન્યું હોત જો આટલી મોટી સંખ્યામાં એટલે કે સંખ્યામાં ૩૦૦–૪૦૦ ચૂકાદાઓ સ્ટેનોગ્રાફર દ્વારા જાતે ટાઇપ કરવામાં આવ્યા હોત.

(H) અરજદાર દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે તપસ અધિકારી અને સમિતિના તારણો પર જઈએ તો, અરજદાર દ્વારા કોઈ કદાચાર (misconduct) કરવામાં આવ્યો હોય તેમ જણાતું નથી. આ અંગે એવી રજૂઆત કરવામાં આવી છે કે અરજદાર વિરુદ્ધ માત્ર એક જ મજબૂત સામગ્રી

(cogent material) સ્ટેનો રજિસ્ટરમાં અરજદાર દ્વારા સહી ન કરવી તે હતી. પુનરાવર્તનના ભોગે પણ એવી રજૂઆત કરવામાં આવે છે કે પ્રતિકૂળ અનુમાન (adverse inference) દોરી શકાય નહીં અને દોરવું જોઈતું ન હતું, છતાં પણ, માત્ર એ જ ભૂલનો આરોપ મૂકી શકાયો અને સાબિત કરી શકાયો હતો તે સહી ન કરવી તે હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે આવી નાની અજાણતા થયેલી ભૂલ માટે, જે કદાચારની વ્યાખ્યામાં પણ આવતી નથી, આવી કઠોર મોટી શિક્ષા (harsh major penalty) ફટકારવી જોઈતી ન હતી.

કોઈપણ સંજોગોમાં અરજદાર સ્ટેનો ડાયરીમાં સહી નથી કરતા તેવો આરોપ ક્યારેય ન હતો, તેથી જો તેને સાબિત થયેલ માનવામાં આવે તો પણ, અરજદાર પર અત્રે આક્ષેપિત શિક્ષા (punishment impugned) લાદી શકાય નહીં.

ફરીથી તપાસ અધિકારી અને સમિતિએ ધ્યાનમાં લેવું જોઈતું હતું કે અરજદાર એક પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે તેમના દ્વારા કરવામાં આવતા સામાન્ય ન્યાયિક કાર્ય (normal Judicial work) ઉપરાંત અનેક વહીવટી કામગીરીમાં પણ રોકાયેલા હોય. એવી રજૂઆત કરવામાં આવે છે કે સ્ટેનો ડાયરીમાં અરજદાર દ્વારા સહી ન કરવાને પણ આ દ્રષ્ટિકોણથી જોવું જોઈતું હતું, જેથી એ સ્પષ્ટ નિષ્કર્ષ પર પહોંચી શકાય કે તે એક નાનો ભંગ (minor infraction) સિવાય કશું ન હતું જેને હળવાશથી લેવું જોઈતું હતું.

તદુપરાંત, તપાસ અધિકારી અને સમિતિએ એ પણ ધ્યાનમાં લેવું જોઈતું હતું કે ડિક્ટેશન આપ્યા બાદ અરજદાર સ્ટેનો ડાયરીમાં સહી કરે તે સુનિશ્ચિત કરવાની

જવાબદારી સ્ટેનોગ્રાફરની હતી. પ્રસ્તુત કેસમાં મુખ્ય સાક્ષી પણ એક હિત ધરાવતા સાક્ષી હતા અને તેથી તેનાથી એવા વ્યાજબી અનુમાન પર પહોંચવું જોઈતું હતું કે અરજદારને જાળમાં ફસાવવા માટે તે હિત ધરાવતા સાક્ષી તરફથી કરવામાં આવેલું એક ઈરાદાપૂર્વકનું કૃત્ય હતું.

(I) એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારે એવો પણ દાવો કર્યો હતો કે તેઓ MACP કેસોના ઝડપી નિકાલ માટે નામદાર હાઈકોર્ટ દ્વારા પ્રસારિત કરાયેલા "લર્નિંગ રાઈટ" સાથેના ચુકાદાના ડ્રાફ્ટ મોડેલનો અસરકારક ઉપયોગ કરીને નામદાર હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરી રહ્યા હતા. અરજદારે નોંધ્યું હતું કે જ્યારે તેમણે જૂનાગઢ ખાતે ચાર્જ સંભાળ્યો ત્યારે વર્ષ ૨૦૦૦ પહેલાના કેસો પેન્ડિંગ હતા અને જ્યારે અરજદારે આવા કેસોના નિકાલને પ્રાથમિકતા આપી હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે ડ્રાફ્ટ ફોર્મ્યુલા મુજબ, સામગ્રી અને તારણો અરજદાર દ્વારા ડિક્ટેટ કરવામાં આવ્યા હતા અને જ્યારે બાકીની વિગતો સ્ટેનોગ્રાફર દ્વારા ઉમેરવાની હતી, જે વિગતોમાં મૃતકના કાનૂની વારસદારોની વિગતો, અકસ્માત જીવલેણ હતો કે કેમ, મુસાફરીની તારીખ, વાહનો સંબંધિત વિગતો જેમાં વાહન બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવવામાં આવ્યું હતું કે કેમ વગેરેનો સમાવેશ થાય છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે સ્ટેનોગ્રાફર દ્વારા જરૂરી વિગતો ઉમેર્યા પછી, અરજદાર તેમના પર સહી કરતા પહેલા સદર ચુકાદાનું બારીકાઈથી નિરીક્ષણ કરતા હતા. અહીં નોંધવું જરૂરી રહેશે કે આક્ષેપ મુજબના ૩૦૦ – ૪૦૦ કેસોમાંથી મોટાભાગના મોટર વહીકલ એક્ટની કલમ ૧૪૦ હેઠળના હુકમો હતા. એવી રજૂઆત કરવામાં આવે છે કે જૂના કેસોના ઝડપી નિકાલ માટે નામદાર હાઈકોર્ટના નિર્દેશો/ભલામણોનું પાલન અરજદાર

દ્વારા કરવામાં આવ્યું હતું તેનો અસંતુષ્ટ તત્વો દ્વારા દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને જેમણે અરજદાર વિરુદ્ધ અનામી/મનામી ફરિયાદો મોકલવાનો આશરો લીધો હતો, જે ફરિયાદો, દુર્ભાગ્યે સ્વીકારવામાં આવી હતી જેના પરિણામે વર્તમાન અરજદારને ગંભીર અન્યાય થયો હતો.

(J) એવી રજૂઆત કરવામાં આવે છે કે શિસ્ત સમિતિએ આરોપ નંબર ૧ ને સાબિત થયેલ ન માન્યો હોવાથી, ખાસ કરીને શ્રીમતી રીટા નાણાવટીની જુબાનીના આધારે જ કસૂરવાર અધિકારી સામે આરોપ નંબર ૧ સાબિત થયેલ માનવો સલામત નથી તેવું ઠેરવ્યા પછી; શ્રીમતી રીટા નાણાવટીની જુબાનીના આધારે આરોપ નંબર ૧ સાબિત થયેલ નથી તેવું ઠેરવ્યા પછી, શિસ્ત સમિતિએ તેના ભાઈ શ્રી નિલેશ એ. નાણાવટીની જુબાનીના આધારે આરોપ નંબર ૪ સાબિત થયેલ માનવો જોઈતો ન હતો.

(K) આમ, વર્તમાન અરજદારની નમ્ર રજૂઆતમાં, અરજદારને પૂરો ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે આ નામદાર કોર્ટ આક્ષેપિત શિક્ષાના હુકમ તેમજ શિસ્તવિષયક કાર્યવાહીને જ રદબાતલ કરવા કૃપા કરે.

(L) અરજદાર વધુમાં આદરપૂર્વક રજૂઆત કરે છે કે અરજદાર પર લાદવામાં આવેલી શિક્ષાને અલગ દ્રષ્ટિકોણથી પણ જોવાની જરૂર છે, એટલે કે અરજદાર કે જેઓ ઉત્કૃષ્ટ સેવા રેકોર્ડ ધરાવે છે તેઓ માત્ર સ્ટેનો ડાયરીમાં સહી ન કરવાને કારણે અસ્વસ્થતાભરી સ્થિતિમાં મુકાઈ ગયા છે. એવી રજૂઆત કરવામાં આવે છે કે નામદાર હાઈકોર્ટ દ્વારા અરજદારની કામગીરીના મૂલ્યાંકનનું નિરીક્ષણ એ વાત

સ્પષ્ટ કરશે કે અરજદાર તરફથી અજાણતા અને નજીવા કૃત્યના કારણે એક તેજસ્વી કારકિર્દી પર ગ્રહણ લાગી રહ્યું છે.

(M) અરજદાર વધુમાં આદરપૂર્વક રજૂઆત કરે છે કે અરજદાર પર લાદવામાં આવેલ શિક્ષાના પરિણામે ભારે અને વિનાશક પરિણામો આવશે કારણ કે સ્ટેનો રજિસ્ટરમાં સહી ન કરવા સંબંધિત દોરવામાં આવેલા પ્રતિકૂળ અનુમાનના કારણે અરજદારની આગળના પ્રમોશન માટેની કારકિર્દીની શક્યતાઓ સંપૂર્ણપણે ક્ષીણ થઈ જાય છે. અરજદાર દ્વારા વધુમાં એવી રજૂઆત કરવામાં આવે છે કે એ જ કારણોસર આ નામદાર કોર્ટ આક્ષેપિત શિક્ષાના હુકમને રદબાતલ કરીને અરજદારની તરફેણમાં પ્રવેશ તબક્કે જ આ અરજીનો નિકાલ કરવા કૃપા કરે."

૮. આ ઉપરાંત, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટે તેમની રજૂઆતોના સમર્થનમાં નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:-

(૧) યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિરુદ્ધ જે. અહેમદના કેસમાં, જે (૧૯૭૯)૨ SCC ૨૮૬ તરીકે રિપોર્ટ થયેલ છે;

(૨) હાઈકોર્ટ ઓફ પંજાબ એન્ડ હરિયાણા, આર.જી. મારફતે વિરુદ્ધ ઈશ્વરચંદ જૈન અને અન્યના કેસમાં, જે (૧૯૯૯)૪ SCC ૫૭૯ તરીકે રિપોર્ટ થયેલ છે;

(૩) રવિ યશવંત ભોઈર વિરુદ્ધ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર, રાયગઢ અને અન્યના કેસમાં, જે (૨૦૧૨)૪ SCC તરીકે રિપોર્ટ થયેલ છે.

૯. તદુપરાંત, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટની વિનંતી અનુસાર, જેનો સામાવાળાના કાઉન્સિલ દ્વારા વિરોધ કરવામાં આવ્યો ન હતો, અમે તપાસની મૂળ કાર્યવાહી મંગાવી છે. આ સાક્ષીઓના નિવેદનો અને સંબંધિત જુબાનીઓ તેમજ સંબંધિત પક્ષકારો વતી રજૂ કરાયેલી દલીલોના સમર્થનમાં જે પરિપત્રો પર આધાર રાખવા માંગવામાં આવ્યો છે તેનું નિરીક્ષણ કરવા માટે છે. વિદ્વાન વરિષ્ઠ એડવોકેટે આપણને શ્રી એસ.એસ. ભટ્ટ અને શ્રી નાણાવટીના સંબંધિત નિવેદનોમાંથી પસાર કરાવ્યા છે, કારણ કે તેઓ મુખ્ય મહત્ત્વના સાક્ષીઓ છે. વધુમાં, વર્ષ ૧૯૯૯ થી ૨૦૧૮ સુધીના અરજદારની કામગીરી અને ટ્રેક રેકોર્ડને અમારા ધ્યાન પર લાવવામાં આવ્યો છે. આપણને પ્રશ્નાસ્પદ વિષય સંબંધિત પરિપત્રોમાંથી પણ પસાર કરવામાં આવ્યા છે. આ તમામ સંબંધિત સામગ્રી તરફ અમારું ધ્યાન દોર્યા પછી, અરજીમાં માંગવામાં આવેલ રાહત આપવા માટે વિનંતી કરવામાં આવી છે.

૧૦. તદુપરાંત, વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી ભાસ્કર તન્નાએ રજૂઆત કરી છે કે આ શિક્ષાથી અરજદારને ગંભીર અન્યાય થયો છે. અરજદાર ઉચ્ચ હોદ્દા માટે વિચારણાના ક્ષેત્રમાં હોવાની અપેક્ષા હતી અને આ શિક્ષાએ અરજદારની આશાસ્પદ કારકિર્દીને વ્યવહારિક રીતે નષ્ટ કરી દીધી છે. આના પરિણામે, અરજદાર વિરુદ્ધ શરૂ કરાયેલા આક્ષેપિત નિર્ણયને રદબાતલ કરવાની વિનંતી કરવામાં આવી છે.

૧૧. અરજદારના વિદ્વાન કાઉન્સિલના વલણનો સામનો કરવા માટે, હાઈકોર્ટ વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી હેમાંગ એમ. શાહે અરજીનો સખત વિરોધ કર્યો છે. તેમણે દલીલ કરી છે કે શિક્ષા યોગ્ય રીતે આપવામાં આવી છે, વાસ્તવમાં, આરોપોની ગંભીરતાને જોતાં હળવો દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. શ્રી શાહે રજૂઆત કરી છે કે

તપાસ દરમિયાન અરજદારને તમામ પર્યાપ્ત તકો આપવામાં આવી હતી. અરજદારને તેમના આગ્રહ પર વકીલ મારફતે વ્યક્તિગત ક્ષેત્રે સાંભળવાની તક  પણ પૂરી પાડવામાં આવી હતી અને આ રીતે, ખાતાકીય કાર્યવાહી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું સંપૂર્ણ પાલન કરીને શરૂ કરવામાં આવી છે. માત્ર એટલા માટે કે પરિણામ અરજદાર માટે પચાવવું મુશ્કેલ છે, તેને પડકારી શકાય નહીં કે પડકારવાની મંજૂરી આપી શકાય નહીં. શ્રી શાહે વધુમાં રજૂઆત કરી છે કે અરજદાર એક ન્યાયિક અધિકારી હોવાના નાતે, આવી પ્રવૃત્તિમાં તેમની સંડોવણી માત્ર ફરજમાં ગંભીર અણગમતી ભૂલ/બેદરકારીનું ઉદાહરણ નથી, પરંતુ ન્યાયિક અધિકારી માટે અશોભનીય પણ છે. તેથી, અરજદાર પર લાદવામાં આવેલી શિક્ષા વાજબી અને યોગ્ય છે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે એવું વલણ અપનાવવામાં આવ્યું છે કે આમાંના મોટાભાગના કેસો MACP અને ગ્રુપ કેસો હતા. જો કે, તે ન્યાયિક અધિકારીને સ્ટેનોગ્રાફરોના હાથમાં ચુકાદાઓ તૈયાર કરવાની કામગીરી સોંપવામાંથી મુક્ત કરશે નહીં. આરોપ નંબર ૪ અને ૫ ની સમિતિ દ્વારા સારી રીતે તપાસ કરવામાં આવી છે, જેણે અરજદાર સામે મૂકવામાં આવેલા આરોપોના ફાયદા અને ગેરફાયદાની પણ તપાસ કરી છે. સમિતિને સ્પષ્ટપણે જણાયું છે કે સ્થાપિત થયેલા આરોપો સામે યોગ્ય શિક્ષા થવી જ જોઈએ અને ભલામણો કરી, જે રાજ્ય સત્તામંડળ દ્વારા સ્વીકારવામાં આવી છે. આ સ્થિતિ હોવાથી, શિક્ષા સંબંધિત કોઈપણ પ્રકારનો વાંક કાઢી શકાય તેમ નથી. પરિણામ સ્વરૂપે, વર્તમાન કાર્યવાહીમાં કોઈ હસ્તક્ષેપને સ્થાન નથી.

૧૨. વિદ્વાન એડવોકેટ શ્રી શાહે વધુમાં રજૂઆત કરી છે કે, તેનાથી વિપરીત, મૂકવામાં આવેલા તમામ આરોપોની સંયુક્ત અસર જ અરજદાર પર લાદવામાં આવેલી પેનલ્ટીમાં હસ્તક્ષેપ ન કરવા માટેનું એક કારણ છે. ડિસ્ટ્રિક્ટ જ્યુડિશિયરીના વડા તરીકે, અરજદારની એ ફરજ હતી કે તેઓ તેમની હાથ નીચેની તાબાની અદાલતોમાં કામ કરતા

કર્મચારીઓના રક્ષક બની રહે. એવી રજૂઆત કરવામાં આવી છે કે મુખ્યત્વે આરોપ નંબર ૪ અને ૫ સંબંધિત આરોપોની તપાસ કરતી વખતે, ઝીણવટભરી તપાસ કરવામાં આવી છે. અરજદારના ખુલાસા અને સંબંધિત પરિપત્રોની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, એવો દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે કે અરજદાર તરફથી બેદરકારી હતી. એવી રજૂઆત કરવામાં આવી છે કે સ્ટેનોગ્રાફરની ડાયરીની પણ સમિતિ દ્વારા સારી રીતે તપાસ કરવામાં આવી હતી અને બે મુખ્ય સાક્ષીઓની જુબાની સાથે તેની સરખામણી કરવામાં આવી હતી. એ સ્પષ્ટપણે જાણવા મળ્યું હતું કે મૂકવામાં આવેલા આરોપો પૂર્ણપણે સાબિત થાય છે, એટલે કે આરોપ નંબર ૪, અને જ્યાં સુધી આરોપ નંબર ૫ નો સંબંધ છે ત્યાં સુધી સહાનુભૂતિપૂર્વકનો દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો છે. જ્યારે અરજદાર સામે કામગીરી કરવામાં આવી પદ્ધતિ અપનાવવામાં આવી હોય, ત્યારે અરજીમાં કોઈ તથ્ય કે ગુણદોષ જણાતા નથી. તે મુજબ, અરજી રદ થવાને પાત્ર છે.

૧૩. વલણ પર ભાર મૂકવાના હેતુથી, સામાવાળાના વિદ્વાન કાઉન્સિલે મુખ્ય સાક્ષીઓની જુબાનીઓનું ભાષાંતરિત ટાઈપ કરેલ સંસ્કરણ રજૂ કર્યું છે, એટલે કે આંક ૧૮ પર શ્રી નિલેશભાઈ અજીતભાઈ નાણાવટી અને આંક ૨૫ પર શ્રી શરદચંદ્ર શંકરલાલ ભટ્ટ. તેમણે સર્વોચ્ચ અદાલત અને વડી અદાલત દ્વારા આપેલા ચુકાદાઓ પર વધુ આધાર રાખ્યો છે, જેનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવ્યો છે:–

(૧) યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિરુદ્ધ કે.જી. સોનીના કેસમાં, સિવિલ અપીલ નંબર ૩૫૨૮/૨૦૧૬ માં તારીખ ૧૭.૮.૨૦૦૬ ના ચુકાદા મુજબ;

(૨) યુનિયન ઓફ ઈન્ડિયા (UoI) વિરુદ્ધ પી. ગુણાશેખરનના કેસમાં, સિવિલ અપીલ નંબર ૧૦૩૮૬/૨૦૧૪ માં તારીખ ૧૯.૧૧.૨૦૧૪ ના ચુકાદા મુજબ;

(૩) સી.એચ. ઉપાધ્યાય વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને અન્યના કેસમાં, જે ૨૦૧૫(૨) GLR 1279 તરીકે રિપોર્ટ થયેલ છે;

(૪) મનોજ શ્રીવાસ્તવ વિરુદ્ધ હાઈકોર્ટ ઓફ એમ.પી. અને અન્યના કેસમાં, ડબલ્યુ.પી. નંબર ૨૦૪૭/૧૯૯૮ માં તારીખ ૨૮.૭.૨૦૧૬ ના ચુકાદા મુજબ;

(૫) હાઈકોર્ટ ઓફ ગુજરાત વિરુદ્ધ હિતેન્દ્ર વ્રજલાલ આશરાના કેસમાં, સિવિલ અપીલ નંબર ૧૦૩૦૪/૨૦૧૪ માં તારીખ ૨૪.૧૧.૨૦૧૪ ના ચુકાદા મુજબ.

